# Dr. Babasaheb Ambedkar Open University
## Term End Examination February – 2026

| | | | | | |
|---|---|---|---|---|---|
| **Course** | : | **BSW** | **Date** | : | **26-02-2026** |
| **Subject Code** | : | **BSWR-102** | **Time** | : | **11:30am to 01:45pm** |
| **Subject Name** | : | માનવવૃદ્ધિ અને વિકાસ | **Duration** | : | **02.15 Hours** |
| | | | **Max. Marks** | : | **70** |

---

**Section A**

**નીચે આપેલ પ્રશ્નોના જવાબ આપો (કોઈ પણ ત્રણ)** **(30)**

1. વારસો અને વાતાવરણનો અર્થ સમજાવી, વિકાસ પર તેની અસરોની વિગતવાર ચર્ચા કરો
2. માનવ વિકાસના તબક્કાઓ જણાવી, શૈશવાવસ્થા અને બાલ્યાવસ્થાના વિકાસાત્મક કાર્યો સમજાવો.
3. વૃદ્ધિ અને વિકાસના સિદ્ધાંતોની સવિસ્તાર સમજૂતી આપો.
4. સ્કીનરનો કારક શિક્ષણનો સિદ્ધાંત પ્રયોગ દ્વારા સમજાવો.
5. તરુણાવસ્થા દરમિયાન આવતા શારીરિક અને માનસિક પરિવર્તનો જણાવી તેની સમસ્યાઓ ચર્ચો.

**Section B**

**નીચે આપેલ પ્રશ્નોના જવાબ આપો (કોઈ પણ ચાર)** **(20)**

1. વ્યક્તિગત ભિન્નતાના કારણો સમજાવો.
2. વર્તન અભ્યાસની 'નિરીક્ષણ પદ્ધતિ' અને 'પ્રયોગ પદ્ધતિ' ટૂંકમાં સમજાવો.
3. સિગ્મંડ ફ્રોઈડના મનોવિશ્લેષણાત્મક અભિગમની ટૂંકી સમજ આપો.
4. યુવાનોના સામાજિકરણમાં કુટુંબ અને શાળાની ભૂમિકા સ્પષ્ટ કરો.
5. નવજાત શિશુની સંભાળ અને આહાર વિશે ટૂંકનોંધ લખો.
6. વિકાસલક્ષી મનોવિજ્ઞાનની વ્યાખ્યા અને તેનું મહત્વ સમજાવો.

**Section C**

**Part – A (Multiple Choice Questions)** **(10)**

1. માનવીમાં રંગસૂત્રોની કેટલી જોડી હોય છે?

(A) 23 (B) 46
(C) 22 (D) 44

2. શૈશવાવસ્થાનો સમયગાળો કયો ગણાય છે?

(A) જન્મથી 3 વર્ષ
(B) 3 થી 6 વર્ષ
(C) 6 થી 10 વર્ષ
(D) 12 થી 18 વર્ષ

3. વારસાના વાહકો કોણ છે?

(A) લોહી
(B) જનીનતત્વો (Genes)
(C) કોષો
(D) સ્નાયુઓ

4. 'વૃદ્ધિ' એ કેવો ફેરફાર છે?

(A) ગુણાત્મક
(B) સંખ્યાત્મક/પરિમાણાત્મક
(C) સામાજિક
(D) માનસિક

5. કઈ અવસ્થામાં 'ટોળી બનાવવાનું' વર્તન જોવા મળે છે?

(A) શિશુ અવસ્થા
(B) બાલ્યાવસ્થાની ઉત્તરાવસ્થા
(C) વૃદ્ધાવસ્થા
(D) ગર્ભધારણ

6. કારક અભિસંધાનનો સિદ્ધાંત કોણે આપ્યો?

(A) પાવલોવ
(B) સ્કીનર
(C) ફ્રોઈડ
(D) યુન્ગ

7. બાળક કેટલા મહિનાની ઉંમરે ચાલવા માટે સક્ષમ બને છે?

(A) 5-10
(B) 10-15
(C) 20-25
(D) 15-20

8. ગર્ભાવસ્થામાં વિકાસની ગતિ કેવી હોય છે?

(A) ધીમી
(B) મધ્યમ
(C) ઝડપી
(D) શૂન્ય

9. મનોવિજ્ઞાન એ કોનું વિજ્ઞાન છે?

(A) આત્માનું
(B) શરીરનું
(C) વર્તનનું
(D) સમાજનું

10. તરુણાવસ્થાનો પ્રારંભિક સમયગાળો કયો છે?

(A) 5-10 વર્ષ
(B) 13-16 વર્ષ
(C) 18-20 વર્ષ
(D) 25-30 વર્ષ

**Part – B (Do as Directed)** **(10)**

**નીચે આપેલ વિધાનો સાચાં છે કે ખોટાં તે જણાવો**

1. વૃદ્ધિ અને વિકાસ બંને એકબીજાના પૂરક છે.
2. વારસો એ પર્યાવરણ દ્વારા મળે છે.
3. સિગ્મંડ ફ્રોઈડ અચેતન મન પર ભાર મૂકે છે.
4. બાળકના વિકાસ પર વાતાવરણની કોઈ અસર થતી નથી.
5. રંગસૂત્રો કુલ 46 હોય છે.
6. શાળા એ બાળકની પ્રથમ સામાજિક સંસ્થા છે.
7. વિકાસ એ આજીવન ચાલતી પ્રક્રિયા છે.
8. તરુણાવસ્થાને 'તણાવ અને સંઘર્ષની અવસ્થા' પણ કહેવાય છે.
9. પ્રયોગ પદ્ધતિમાં પરિસ્થિતિ પર નિયંત્રણ હોતું નથી.
10. છ વર્ષની ઉંમરે દૂધિયા દાંત પડવાની શરૂઆત થાય છે.